ક્રમાંક : જીસીઈઆરટી/તાલીમ/૨૦૧૭/ ૨૧૨૮૧ - ૩૨૭
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (079) 23256808-39
નિયામક : (079) 23256808
સચિવ : (079) 23256813
ફેક્સ : (079) 23256812
ઈ-મેઈલ : director-gcert@gujarat.gov.in
Web : www.gcert.gujarat.gov.in
તારીખ : ૨૮ - ૯ - ૨૦૧૭

પ્રતિ,
પ્રાચાર્યશ્રી,
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
તમામ

વિષય- **એજ્યુકેશનલ ઇનોવેશન બાબત**

સંદર્ભ:- (૧) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક – જશભ/૧૨૧૬/૧૦૭૪/ન,તા. ૧૨/૪/૨૦૧૭
(૨) શાખા નોંધ પર માન.નિયામકશ્રીએ આપેલ અનુમતિ,તા.૨૧/૯/૨૦૧૭

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાજયની સરકારી પ્રાથમિક શાળાઓ તથા માધ્યમિક શાળાઓમાં કાર્યરત ઇનોવેટીવ શિક્ષકો તેમજ પ્રશિક્ષણ સંસ્થાઓના ઇનોવેટીવ વ્યાખ્યાતાઓને પ્રોત્સાહિત કરવા અને તેઓના શૈક્ષણિક ઇનોવેશનના પ્રસાર માટે તથાં શૈક્ષણિક ગુણવત્તા સુધારણા માટે ચાલુ વર્ષ-૨૦૧૭-૧૮ માં જિલ્લા અને મહાનગરપાલિકા તેમજ રાજય કક્ષાએ એજ્યુકેશનલ ઇનોવેશન ફેરનું આયોજન કરવાનું થાય છે.

એજ્યુકેશનલ ઇનોવેશન ફેર માટે નીચે જણાવેલ માર્ગદર્શક બાબતો અનુસાર આયોજન કરવા જણાવવામાં આવે છે.

1. એજ્યુકેશનલ ઇનોવેશન ફેર અન્વયે રાજયની સરકારી પ્રાથમિક શાળાઓ તથા માધ્યમિક-ઉચ્ચત્તર માધ્યમિક શાળાઓમાં કાર્યરત ઇનોવેટીવ શિક્ષકો તેમજ પ્રશિક્ષણ સંસ્થાઓના ઇનોવેટીવ વ્યાખ્યાતાઓ પોતાનું એજ્યુકેશનલ ઇનોવેશન રજુ કરે તે માટે જરૂરી પ્રચાર-પ્રસાર કરવો.વધુને વધુ ઇનોવેશન રજુ થાય તે માટે સક્રિય પ્રયત્ન કરવા વિનંતી છે.
2. ઇનોવેટીવ શિક્ષકો-વ્યાખ્યાતાઓ પોતાનું એજ્યુકેશનલ ઇનોવેશન ગુગલ ફોર્મ લીંક - **https://goo.gl/forms/E6mnwOQxLe4QCmYy1** પર અથવા **જીસીઇઆરટીની વેબસાઇટ પર આપેલ લીંકમાં તા.૧/૧૧/૨૦૧૭ સુધીમાં સબમીટ** કરે તેમ જણાવવા વિનંતી છે. ડાયેટે પોતાની વેબસાઇટ પર પણ આની લીંક આપવી, જેથી ઇનોવેટીવ શિક્ષકો-વ્યાખ્યાતાઓ પોતાનું એજ્યુકેશનલ ઇનોવેશન ડાયેટ દ્વારા પણ સબમીટ કરી શકે.

(PTO)

આવક નં....1955..
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન
ગાંધીનગર તા..29/9/17

Scanned by CamScanner

3. એજ્યુકેશનલ ઇનોવેશન અન્તર્ગત તૈયાર કરેલ બ્રોસર આ સાથે સામેલ છે.એજ્યુકેશનલ ઇનોવેશન તથા ઇનોવેશનના સબમીશન અંગે સમજ આપવામાં આવેલ હોઇ તેનો બહોળો પ્રચાર કરવા વિનંતી છે.

4. એજ્યુકેશનલ ઇનોવેશન રજિસ્ટ્રેશન માટે ફોર્મ ગુજરાતી/અંગ્રેજીમાં ભરી શકાશે.

5. ડાયેટમાં નિયત સમયમર્યાદામાં હાર્ડ કોપીમાં આવેલ ફોર્મ ડાયેટે ઓનલાઇન ભરવાના રહેશે.ET શાખા દ્વારા આ માટે જરૂરી ટેકનીકલ કામગીરી કરવાની રહેશે.

6. એજ્યુકેશનલ ઇનોવેશન અંગે વધુ વિગત માટે ડાયટના ડિસ્ટ્રીક ઇનોવેશન સેલના કો-ઓર્ડિનેટરર્સ (DIC) નો સંપર્ક કરે તેમ જણાવવા વિનંતી છે.

સચિવ

જીસીઇઆરટી,ગાંધીનગર

- નકલ જરૂરી અનુકાર્ય કરવા સારૂ –
  - કો-ઓર્ડિનેટરશ્રી,“ નવતર” સેન્ટર ફોર એજયુકેશનલ ઇનોવેશન,ગાંધીનગર
- નકલ સવિનય જાણ સારૂ -
  - માન.નિયામકશ્રી,સદર કચેરી

નીચે જણાવેલ QR Code થી પણ એજ્યુકેશનલ ઇનોવેશન સબમીટ કરવા માટેની લીંક ઓપન થશે.

Scanned by CamScanner